ગુરુકુલ મહિલા આર્ટસ અને
કોમર્સ કોલેજ, પોરબંદર
આવક નં. ૩૬/૨૦૧૭-૧૮
તારીખ ૧૩/૧૨/૨૦૧૭

ક્રમાંકઃકવટ/૨૦૧૭/IHC2/નિ.ગ્રા./૧૯૫૨-૫૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોકનં-૧૨,બીજો માળ, ડો. જી. ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા.૧૨/૧૨/૨૦૧૭

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી/પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર
જિ. પોરબંદર

**વિષયઃ**- આચાર્યની નિમણૂંકની ગ્રાહ્ય રાખવા બાબત.

**સંદર્ભઃ**- આપનો તા.૨૧/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃજીએમસી/એઆરએન/૨૦૧૭-૧૮/૧૬૫

**શ્રીમાન**

ઉપરોત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવોની જોગવાઇ મુજબ ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરમાં ડૉ. અનુપમ આર.નાગરની આચાર્ય તરીકેની નિમણૂંક નીચે દર્શાવેલ શરતોને આધિન ગ્રાન્ટના હેતુ માટે ગ્રાહ્ય રાખવામાં  આવે છે.

<u>નિમણૂંક તારીખઃ- ૨૮/૧૦/૨૦૧૭</u>

(૧) નિમણૂંક પામેલ આચાર્યશ્રીને શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૦/MR-૩૪/ખ, તા.૧/૮/૨૦૧૩ની જોગવાઇ મુજબ પે બેન્ડ ૩૭૪૦૦-૬૭૦૦૦,ગ્રેડ પે-૧૦,૦૦૦/-ના પગાર માળખામાં લઘુત્તમ પગાર રૂ.૪૩,૦૦૦/- પ્રમાણે પગાર આકારવાનો રહેશે.

(૨) સદરહું નિમણૂંક બાબતે પગાર ફિકસેશન કરાવવાનું થતું હોય તો અલગ રીતે કરાવી લેવાનું રહેશે.

(૩) નિમણૂંક પામેલ આચાર્યશ્રીએ તેમના વિષયમાં-૯ (નવ) તાસનો કાર્યભાર તથા યુનિવર્સિટીના ઓર્ડીનન્સ/સ્ટેચ્યુટમાં કરેલ જોગવાઇ અનુસાર નક્કી થયેલ ફરજો બજાવવાની રહેશે.

(૪) સંબંધિત નિમણૂંક થયેલ આચાર્યશ્રીને સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ પ્રવર્તમાન નિયમોની જોગવાઇઓ લાગુ પડશે. અને તેનો અમલ સંબંધિત મંડળ અને આચાર્યશ્રીએ કરવાનો રહેશે.

(૫) આ નિમણૂંક અંગેના પગાર ભથ્થા ઓડિટને આધિન રહેશે.

(૬) નિમણૂંક થયેલ આચાર્યશ્રીએ સરકારશ્રીએ બિન સરકારી અનુદાનિત કોલેજોનાં આચાર્યશ્રીઓ માટે નક્કી કરેલ ફરજો સંભાળવાની રહેશે.

નોંધ પર મળેલ માનનીય નિયામકશ્રીના આદેશાનુસાર

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ. રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ માટે</u>

- નાયબ નિયામકશ્રી, ( હિસાબ ), ડી.પી. શાખા આ કચેરી,
- હુકમ ફાઇલ.

Attn: JA    To file
૧૪/૧૨/૧૭